### ૧૧. ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીમંડળ : (ઈન્ચાર્જ: ડૉ. કે. ડી. પટેલ)

કોલેજના વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ પછી પણ સંસ્થા સાથે સંપર્ક રાખી શકે, સંસ્થાના ગ્રંથાલયનો ઉપયોગ કરી શકે અને વિદ્યાર્થીના હિતમાં વિવિધ પ્રવૃત્તિઓ કરે કે તેમાં મદદરૂપ થાય તેને ધ્યાનમાં રાખી ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળની રચના થયેલી છે. જેમાં કૉલેજમાં અભ્યાસ કરી ચૂકેલા કોઈપણ વર્ષના વિદ્યાર્થી રૂા.૫૧.૦૦ ફી ભરી જોડાઈ શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંદર્ભે વાલીઓ સલાહસૂચન કરતા રહે એ માટે વાલીમંડળ પણ કાર્યરત છે.




# પરીક્ષા પદ્ધતિ

## બી.એ. /બી.કોમ. : સેમ.- ૧ થી ૬ અને એમ. એ. : સેમિ.- ૧ થી ૪

યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ સેમિસ્ટર કક્ષાએ દરેક વર્ગમાં એક આંતરિક કસોટી (કોલેજ દ્વારા) તથા સત્રના અંતે સત્રાંત પરીક્ષા(યુનિ.દ્વારા) યોજાય છે.

યુનિ. પરીક્ષામાં દરેક પેપર ૭૦ ગુણનું અને ત્રણ કલાકનું હોય છે. જેમાં પાસ થવા માટેનું લઘુતમ ધોરણ ૨૮ ગુણનું છે. આ ઉપરાંત, દરેક પેપરમાં ૩૦ ગુણ આંતરિક ગુણાંકનના હોય છે. જે પૈકી ૨૦ ગુણ આંતરિક કસોટીના પરિણામના આધારે તેમજ ૧૦ ગુણ વિદ્યાર્થીએ વર્ગ સેમિનારમાં લીધેલ સક્રિયતા, એસાઈમેન્ટ, હાજરી, શિક્ષણ સંદર્ભિત અન્ય પ્રવૃત્તિઓ વગેરેને ધ્યાનમાં રાખી અપાય છે. વિદ્યાર્થીએ આ ૩૦ ગુણમાંથી લઘુતમ ૧૨ ગુણ મેળવવા જરૂરી છે.

કોલેજ દ્વારા લેવાતી આંતરિક કસોટીમાં દરેક પેપર ૬૦ ગુણ અને ૩ કલાકની સમય મર્યાદાને ધ્યાનમાં રાખી લેવાય છે.

## આંતરિક પરીક્ષાના ગુણને આધારે આંતરિક ગુણાંકન ગણવાની રીતઃ

ત્રણ ગુણે એક આંતરિક ગુણ ગણવો. દા.ત. આંતરિક પરીક્ષામાં કોઈ વિષયમાં ૩૦ ગુણ આવે તો ૩૦/૩ = ૧૦ આંતરિક ગુણ કહેવાય. એ જ રીતે ધારો કે ૩૧ ગુણ હોય તો ૩૧/૩ = ૧૦.૩૩ થાય, તેવા સંજોગોમાં અપૂર્ણાંકને પૂર્ણાંકમાં બદલી દેવાય છે. તે મુજબ અહી ૧૦.૩૩ના ૧૧ આંતરિક ગુણ થશે. જેમાં હાજરી, સેમિનાર વગેરેના આધારે ૧૦ ગુણમાંથી મેળવેલ ગુણ ઉમેરાઈ જે તે પેપરનું કુલ આંતરિક ગુણાંકન બને છે.

કૉલેજમાં પરીક્ષાઓ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના, નિર્ભિક વાતાવરણમાં યોજાય છે. એ દરમિયાન કોઈ ગેરરીતિ કરતાં પકડાય તો તેને જે તે પરીક્ષામાં, જે તે વિષયમાં શૂન્ય ગુણ આપાય છે. એથી તેને આંતરિક ગુણમાં નુકસાન થાય છે. વળી, વિશેષ સંજોગોમાં અપાતા ગ્રેસીંગનો લાભ પણ આ વિદ્યાર્થીને મળતો નથી. એ જ રીતે યુનિ. પરીક્ષામાં વિદ્યાર્થી ગેરરીતિ કરતાં પકડાય તો યુનિ.ના ધારાધોરણ મુજબ તેને છ માસથી ત્રણ વર્ષ સુધી પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ લાગુ પડે છે.

# અગત્યના ફોન નંબર

| | |
|---|---|
| ડી.ડી.ઠાકર આટ્‌ર્સ અને કે.જે.પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા<br>web site : www.acckhed.org | ૧. આચાર્યશ્રી મોઃ ૯૪૨૭૬૯૫૫૦૦<br>૨. કાર્યાલય<br>મોઃ ૯૮૯૮૩૭૯૪૩૦(સુરેશભાઈ ચૌહાણ)<br>મોઃ ૯૭૧૨૧૨૧૫૧૬(જે. ડી. પટેલ)<br>મોઃ ૯૮૯૮૪૮૬૮૩૧(યોગેન્દ્રસિંહ)<br>૩. ગ્રંથાલય મોઃ ૯૪૨૬૩૩૮૨૦૪ |
| હેમ. ઉ. ગુ. યુનિ. પાટણ | ૧. કુલપતિઃ ૦૨૭૬૬- ૨૩૦૪૫૬, મો.-૯૮૨૫૦૫૧૩૩૩<br>૨. રજિસ્ટ્રાર ૦૨૭૬૬- ૨૩૦૪૨૭ - એક્ષ: ૩૦૭<br>૩. પરીક્ષા વિભાગ ૦૨૭૬૬- ૨૩૧૫૨૯, - એક્ષ: ૩૧૭ |